ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

આજથી ડિફેન્સ એક્સ્પો : શહેર 'નો ફલાઈંગ ઝોન' જાહેર

કેન્દ્રના સંરક્ષણમંત્રી રાજનાથસિંહે આજે મહાત્મા મંદિર ખાતે આ એક્સ્પોને લઈ કર્ટેનરેઝર પણ કર્યું હતુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં પહેલીવાર ચાર દિવસીય ડિફેન્સ એક્સ્પોનો આજથી આરંભ થઈ રહ્યો છે. કેન્દ્રના સંરક્ષણમંત્રી રાજનાથસિંહે આજે મહાત્મા મંદિર ખાતે આ એક્સ્પોને લઈ કર્ટેનરેઝર પણ કર્યું હતુ.

ગાંધીનગર શહેરમાં યોજાઈ રહેલ ડિફેન્સ એક્સ્પોને પગલે શહેરના મુખ્ય માર્ગોને નો પાર્કિંગ ઝોન જાહેર કરવા ઉપરાંત છ જેટલા માર્ગો બંધ કરવાનું જાહેરનામુ પ્રસિદ્ધ થયા પછી જિલ્લાતંત્રએ આજે નો ફલાઈંગ ઝોનનું પણ જાહેર કર્યુ છે.

શહેરમાં લગભગ તમામ મુખ્ય માર્ગો પર પોલીસ પોઈંટ ફાળવી દેવામાં આવ્યા છે અને શહેર પોલીસ છાવણીમાં પરિવર્તીત થઈ ગયુ છે. ડિફેન્સ એક્સ્પોમાં ભાગ લેવા માટે ૭૦ થી વધુ દેશોના પ્રતિનિધિઓ પણ આવી રહ્યા છે.

આ ડિફેન્સ એકસ્પોમાં કેટલાક મહત્વના એમ.ઓ.યુ. પણ થશે. આ ઉપરાંત કેટલાક દેશોના મંત્રીઓ સાથેના પ્રતિનિધિ મંડળો નોલેજ સીટીની ઓળખ પામેલ ગાંધીનગરની વૈશ્વિક ઓળખ પામેલ ફોરેન્સીક સાયન્સ યુનિ. સંકુલની મુલાકાતે પણ જવાના છે.

જિલ્લાના અધિક નિવાસી કલેકટર સુશ્રી આર.ડી. સિંહે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ના નં. ૨)ની કલમ ૧૪૪ અન્વયે એક હુકમ કરી ગાંધીનગર શહેરમાં વિસ્તારમાં રીમોટ કંટ્રોલથી ચલાવવામાં ડ્રોન, કવાડ કોપ્ટર, પાવર એરક્રાફ્ટ, તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ, હેગ ગ્લાઈડર, પેરાગ્લાઈડર, પેરા મોટર તેમજ હોટ એર બલુન તથા પેરા જમ્પીંગ ચલાવવાની કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

તા. ૧૮ થી ૨૨ ઓક્ટો. સુધી સે. ૧૩, મહાત્મા મંદિર તેમજ સે. ૧૭ ખાતેના એક્ઝીબીશન સેન્ટર ખાતેના સમગ્ર વિસ્તારને નો ફલાઈંગ ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે. આ ઉપરાંત કાર્યક્રમના સ્થળેથી ૨૦ કિ.મી.ના એરિયામાં નો ડ્રોન ફલાઈંગ ઝોન જાહેર કરવામાં આવે છે.

ગાંધીનગર શહેરમાં ડિફેન્સ એક્સ્પોની તૈયારીઓ અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે. તંત્ર પણ તેમાં જોતરાયુ છે.

વાવોલ વિસ્તારના વાહનચાલકો દ્વિધામાં મુકાયાં..!!

ડિફેન્સ એક્સપોને પગલે બંધ કરાયેલાં માર્ગોમાં ખ-રોડનો પણ સમાવેશ થાય છે જે વાવોલ સાથે સમાંતર રીતે જોડાયેલો છે. વળી, વાવોલ વિસ્તારને શહેરના મુખ્ય ભાગને જોડતાં માર્ગ નં. ઉના છેડે આવેલાં રેલવે ફાટક તેમજ હોટેલ લીલા પાસે નવા બનાવાયેલાં અંડરપાસને પણ બંધ કરવામાં આવશે જેના કારણે રસ્તાઓ બંધ કરવાની જાહેરાત બાદ વાવોલથી સચિવાલય જવા માટે પણ ખૂબ લાં....બું ચક્કર થશે તે વિચારે અને વાવોલ વિસ્તારમાંથી શહેરમાં અપડાઉન કરતાં સરકારી-બિનસરકારી વાહનચાલકોને પારાવાર મુશ્કેલી પડવાની છે ધ્યાને આવતાં જ વાવોલ વિસ્તારના વાહનચાલકો દ્વિધામાં મુકાયાં છે.

ડિફેન્સ એક્સપોના કારણે શહેરના માર્ગો પર ટ્રાફિક જામની સ્થિતિ..!!

આજથી શહેરમાં વાહનવ્યવહારમાં ભારે વધારો થશે : મુખ્ય માર્ગો સહિત કેટલાંક માર્ગો બંધ કરાયાં હોવાથી ડાયવર્ઝન અપાયેલાં માર્ગો પર ટ્રાફિકમાં ભારે વધારાની શક્યતા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં એશિયાના સૌથી મોટા ડિફેન્સ એક્સપોનો પ્રારંભ થઈ ચુક્યો છે અને તેને અનુલક્ષીને શહેરમાં મંગળવારથી કેટલાંક મુખ્ય માર્ગો સામાન્ય વાહનોની અવરજવર માટે બંધ કરવામાં આવ્યાં છે. આજે સાંજે એક તરફ દેશના રક્ષા મંત્રી રાજનાથ સિંહ મહાત્મા મંદિર ખાતે ડિફેન્સ એક્સપોના કર્ટેન રેઈઝર પ્રોગ્રામમાં એક્સપોને ખુલ્લો મુકી રહ્યાં હતાં ત્યારે સેક્ટર-૧૭ના હેલીપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે એક્સપોની છેલ્લી ઘડીની તડામાર તૈયારઓને કારણે ચ-માર્ગ પર ખાસ કરીને ચ-પથી વિધાનસભા સુધીના વિસ્તારમાં ભયંકર ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. આ ઉપરાંત મહાત્મા મંદિર પાસે ખ-માર્ગ પર પણ આ જ પ્રકારની સ્થિતિનું નિર્માણ થયું હતું. હજુ તો બુધવારે વડાપ્રધાનનું પણ આગમન

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ત્રિ-દિવસીય ગ્રામસભા અભિયાન પુનઃ હાથ ધરાયુ

ગાંધીનગર, તા. ૧૭

૧૭ થી ૧૯ ઓક્ટોબર દરમ્યાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બીજા તબક્કાની ગ્રામસભાનો આરંભ થયો છે.

જિલ્લાના ૨૮૮ ગામોમાં આ ગ્રામસભાઓ યોજવામાં આવશે. આ ગ્રામસભા અભિયાન માટે જિલ્લાના અધિકારીઓને પણ ગ્રામ્ય વિસ્તારના લાયઝન અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ગ્રામસભા અભિયાનમાં ૧૫ મા નાણાંપંચ અંતર્ગત હાથ ધરાયેલ વિકાસકામો, ઉપરાંત વિવિધ પ્રશ્નો તેમજ ગ્રામ વિકાસની વિવિધ યોજનાઓ અંગે ચર્ચાઓ કરવામાં આવશે. વિલેજ ડેવલપમેન્ટ પ્લાન અંતર્ગત થયેલ વિકાસ કામોનો હિસાબ રજુ કરાશે એટલુ જ નહિ જે નવા કામો હાથ ધરવાના છે તેની જાણકારી લોકોને આપવાની રહેશે.

ગ્રામસભામાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ હાજર રહે તેમજ લોકો પણ વધુ ને વધુ જોડાય તે માટે ગામમાં ખાસ દાંડી પિટાવી પ્રચાર કરવાની પણ સૂચના સરકારે આપી છે.

ગ્રામસભાનો રિપોર્ટ જે તે દિવસે તાલુકા પંચાયત ખાતે અને તાલુકા પંચાયતે રાજ્ય સરકારે બનાવેલ પોર્ટલ પર અપલોડ કરવાનો રહેશે.

ગ્રામસભામાં રજુ થયેલા પ્રશ્નો જેનો સ્થળ પર નિકાલ ન થયો હોય તો જિલ્લાકક્ષાએ મળતી સંકલન સમિતિમાં રજુ કરી ચર્ચા કરી તેના ઉકેલ માટેની કાર્યવાહી જિલ્લાકક્ષાએથી કરવાની રહેશે.

આ ગ્રામસભામાં પોષણનું સ્તર ઊંચુ લાવવા કાર્યયોજના તૈયાર કરવાની રહેશે. નાગરિક પુરવઠા વિભાગના પણ પ્રશ્નો અંગે ચર્ચા કરવાની રહેશે.

ખ-માર્ગ પર ગટરની મુખ્ય લાઈનમાં ફરી ગાબડું

પીએમના આગમન ટાણે જટીલ સમસ્યા ઉભી થતા તંત્ર યુદ્ધના ધોરણે કામે લાગ્યું... ગાબડું પુરવા ૩૦ ફુટ નીચે કામ કરવા જે સી બી.. ફાઈટર જનરેટર પંપ ટ્રેક્ટર સહિતની સામગ્રી સાથે તંત્ર આખી રાત કામ કરશે

ગાંધીનગર, તા.૧૭

પ્રધાનમંત્રી ગાંધીનગર આવી રહ્યા છે ત્યારે ખ રોડ પર જ ગટરની મેઈન લાઈનમાં ફરીવાર ભૂવો પડતા તંત્રની ઊંઘ હરામ થઈ છે માર્ગ અને મકાન વિભાગના ઈજનેરોની ફોજ સાધન સરંજામ સાથે કામે લાગવા છતાં ૩૦ ફૂટ નીચે રહેલી લાઈનનું સમારકામ નહીં થતાં હવે રાત્રી દરમિયાન આ કામ કરવામાં આવશે.જો કે તંત્ર માટે ગટરની મુખ્ય ચાલુ લાઈન માં આ કામ કરવાનું ચાલોન્જરૂપ છે

ખ માર્ગ પર ખ દોઢ પાસે પડેલા ભૂવાએ સચિવાલયના અધિકારીઓ અને સુરક્ષા દોડતું થઈ ગયું છે જાણવા મળ્યા પ્રમાણે નગર આખાના ગંદા પાણીનો નિકાલ કરતી ૧ હજાર એમએમનો વ્યાસ ધરાવતી મેઈન ગટર લાઈન કે જે ઓછામાં ઓછી ૪૫ વર્ષ જુની છે, તેમાં જ ભંગાણ પડ્યું છે. ગાંધીનગરમાં એક તરફ ડિફેન્સ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમાં ૧૦૦ દેશના મહાનુભાવો જોડાયા છે. વધારામાં તારીખ ૧૮મીએ વડાપ્રધાન ઉપસ્થિત રહેવાના છે અને તેઓ જે રૂટ પરથી પસાર થવાના છે, તે ખ માર્ગ પર જ ગટર લાઈનમાં ભંગાણના પગલે ભૂવો પડી જતાં

● અનુસંધાન પાન-૭ પર

જુના સેક્ટરોમાં પાણીના સપ્લાય આપતી ચરેડી ટાંકીમાં રેટ્રો ફીટીંગનું કામ કરાશે

સરકાર દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે : દાયકાઓ જૂની ટાંકીને યોગ્ય કરવા ૧.૩૦ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં સ્માર્ટ સિટી ની યોજના અન્વયે ૨૪ કલાક પાણી આપવા નવી લાઈન નાખવાનું કામ ચાલી રહ્યું છે ત્યારે સેક્ટર ૧૪થી ૩૦ના વિસ્તારમાં પાણીનો સપ્લાય કરવા માટે અત્યંત મહત્વની ચરેડી વોટર વર્કસ ખાતેની તોતિંગ ટાંકી જર્જરિત બનતા તેને યોગ્ય કરવા માટે રેટ્રો ફિટીંગ ટાઈપ મજબુતીકરણ હાથ ધરવામાં આવનાર છે.

દાયકાઓ પુર્વે નિર્માણ કરવામાં આવેલી આ ટાંકીનું રેટ્રો ફિટીંગ કરવા માટે પાટનગર યોજના વિભાગના દ્વારા આયોજન કરી દેવાયું છે હોવાનું પાટનગર યોજના યોજના વિભાગના સુત્રોએ વધુમાં જણાવ્યા પ્રમાણે જુના સેક્ટરોમાં રહેતા વસાહતીઓને દરરોજ પાણી પુરવઠો આપવા માટે ચરેડી વોટર વર્કસ પરની આ ટાંકીમાં નર્મદા કેનાલમાંથી મેળવવામાં આવતા પાણીનો સંગ્રહ કરવામાં આવે છે અને આ ઉંચી ટાંકીની પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા ૨૭ લાખ લીટરની છે.

૧૯૭૮ની સાલમાં આ ટાંકી બનાવામાં આવી હતી લાંબા સમયના અંતે સાથે ટાંકીના બીમ અને કોલમને કાળની થપાટો લાગવાથી નુકશાન થયુ છે. તે ખવાઈ જવાની પ્રક્રિયા ચાલુ થઈ હોવાનું દેખાઈ આવતા ઈજનેરો દ્વારા તેની ટેકનીકલ તપાસ કરવામાં આવ્યા બાદ રેટ્રો ફિટીંગની પ્રક્રિયા કરવાનું અનિવાર્ય હોવાનું જણાવતો રિપોર્ટ કરવામાં આવ્યો હતો. આ દરખાસ્તને સરકાર દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે અને રૂપિયા ૧.૩૦ કરોડના ખર્ચ કરવામાં આવશે.

જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનને નબળો પ્રતિસાદ

તંત્રની ચિંતાનો મુદ્દો બન્યો : શહેર-જિલ્લામાં આજે ૧૦૦ થી પણ ઓછા લાભાર્થી નોંધાયા : અત્યાર સુધીમાં ૪૭ ટકા કામગીરી થઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાની ચોથી લ્હેરમાં કોરોનાના ત્રણ હજારથી વધુ કેસ નોંધાયા પછી પ્રિકોશન ડોઝના અભિયાનમાં લોકોના નબળા પ્રતિસાદે તંત્રની ચિંતા વધારી છે.

શહેર-જિલ્લામાં પ્રિકોશન ડોઝ અંતર્ગત અત્યાર સુધીમાં ૪૭ ટકા જ કામગીરી થઈ છે જે તંત્ર માટે ચિંતાનો મુદ્દો બન્યો છે. શહેરમાં ૪૦ ટકા જેટલા લોકો અને ગ્રામ્યવિસ્તારમાં ૫૨ ટકા જેટલા લોકોને આવરી લેવામાં સફળતા મળી છે.

શહેરમાં આજે ૫૪ લોકોને તો ગ્રામ્યમાં માત્ર ૩૧ લોકોને જ વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. નવરાત્રી પૂર્વેથી વેક્સિનેશનની કામગીરી ધીમી પડી ગઈ છે. જો કે એ પૂર્વે આરોગ્ય કર્મીઓની હડતાલની પણ અસરો હતી.

હવે દિવાળીના પર્વો નજીક આવતા હોવાથી લોકો ટેસ્ટીંગ અને વેક્સિનેશન અભિયાનથી દૂર થઈ રહ્યા છે. તંત્રના પ્રયાસો લગભગ નિષ્ફળ પુરવાર થઈ રહ્યા છે. વેક્સિનેશનને કારણે કોરોનાની ચોથી લ્હેરમાં કેસ જરૂર નોંધાયા છે પણ હળવા લક્ષણો જોવા મળી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ગુલાબી ઠંડીનું આગમન

બદલાતા મોસમથી જનજીવન ખુશનુમા : દિવસે ગરમી અને વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડી અનુભવતા નગરજનો બેવડી ઋતુની અસરથી પ્રભાવિત : ઠંડીનો પારો ધીમે ધીમે ઉંચકાઇ રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૧૬ થી ૧૭ ડીગ્રી આસપાસ

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં મોસમનો મિજાજ બદલાયો છે. નવરાત બાદ વરસાદી વાદળો ગોરંભાયા હતા જયારે વરસાદી ઝાપટાના અંતે થોડા દિવસમાં હવે ધીમે ધીમે વાતાવરણમાં ઠંડક વધતી જાય છે. છેલ્લા ચાર પાંચ દિવસથી દિવસે ગરમી અને રાત્રિના સમયે ઠંડી અનુભવતા નગરજનો બેવડી ઋતુનો અહેસાસ કરી રહ્યા છે. વહેલી સવારે અને મોડી રાત્રે ગુલાબી ઠંડીનો ચમકારો અનુભવાય છે. ડબલ સિઝનની અસરથી જનજીવન પ્રભાવિત છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૪.૬ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન ૧૭ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે દિવસ અને રાત્રિના તાપમાનમાં મોટો તફાવત જોવા મળ્યો હતો. કાતિલ ગરમી અને ધોધમાર વરસતા ચોમાસા બાદ શહેર આગામી દિવસોમાં ઠંડી વધુ કાતિલ બનશે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. નવરાત બાદ પણ અચાનક જ વાતાવરણમાં બદલાવ આવ્યો હતો. આકરા બફારાના અંતે વરસાદી વાદળો ઘેરાયા હતા. જેના અંતે સતત બે દિવસથી સુધી વરસાદી ઝાપટા વરસ્યા હતા જયારે વરસાદી

વાદળો દુર હટતા આકરા બફારાથી નગરજનો પરેશાન જોવા મળ્યા હતા. જયારે છેલ્લા ત્રણ ચાર દિવસથી મોસમનો મિજાજ ફરી એકવાર બદલાયો છે. વાતાવરણમાં ઠંડી ગરમીની મિશ્ર અસર વર્તાઈ રહી છે. જેના લીધે સેકટરવાસીઓ ડબલ સિઝનનો અનુભવ કરી રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૩૪.૬ ડીગ્રી રહ્યુ હતુ. છેલ્લા બે દિવસથી મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળી રહ્યો છે. ગઈકાલની સાપેક્ષમાં આજે મહત્તમ તાપમાનમાં નજીવો વધારો થયો હતો જયારે લઘુત્તમ તાપમાનમાં ૧ ડીગ્રીનો વધારો જોવા મળ્યો હતો. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ડબલ તફાવત જોવા મળ્યો છે. જેના લીધે દિવસે આકરો તાપ અનુભવતા નગરજનો રાત્રિના સમયે ગુલાબી ઠંડીનો અહેસાસ કરે છે. સવારે પણ ગુલાબી મોસમના લીધે ઠંડીનો ચમકારો અનુભવાય છે. સવારના તેમજ મોડીરાત્રે બહાર જતા નાગરિકોએ ગરમ કપડા પહેરવાનુ શરૂ કરી દીધુ છે. આજે લઘુત્તમ તાપમાન ૧૭.૯ ડીગ્રી રહ્યુ હતુ જયારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ઘટી ગયુ છે. મોસમના બદલાતા મિજાજની અસરથી જનજીવન પ્રભાવિત છે. બદલાતી મોસમના લીધે જન આરોગ્ય પણ પ્રભાવિત છે. છેલ્લા કેટલાક સમયથી ગરમીનો પારો ૩૪ થી ૩૫ ડીગ્રી વચ્ચે જોવા મળે છે. જયારે રાત્રિનુ તાપમાન પણ ૧૬ થી ૧૭ ડીગ્રી વચ્ચે પહોંચી ગયુ છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચેનો તફાવત વધતા ધીમે ધીમે ઠંડી જોર પકડી રહી છે. અલબત્ત શહેરમાં શિયાળાની ધીમી શરૂઆત થઈ ગઈ છે. સવારના મોર્નિંગ વોક કરનારાઓ પણ ઠંડીનો ચમકારો અનુભવી રહ્યા છે. જયારે ઢળતી સાંજ બાદ પણ જેમ રાત્રિનો સમય વીતે તેમ ઠંડક વધતી જાય છે. દિવાળી પર્વ નજીકમાં છે. ત્યારે શિયાળાની મોસમ પણ ટુંકમાં જમાવટ કરશે આ વર્ષે વરસાદ અને ગરમીએ પણ હદ વટાવી છે. ત્યારે હાડ ધ્રુજાવતી ઠંડી પણ નગરજનોને ઘરમાં રહેવા મજબુર કરશે તેમ મનાઈ રહ્યુ છે. જો કે હવામાન તજજ્ઞોના મતે આગામી દિવસોમાં કાતિલ ઠંડી પણ કહેર મચાવશે.

ગોકુળપુરા-ઉવારસદ માર્ગ પર સ્ટ્રીટ લાઈટના નવા ૭૦ પોલ નાખવામાં આવશે

વાઇબ્રન્ટ સમિટનું આયોજન પ્રતિ બે વર્ષે કરવામાં આવે છે અને તેના આયોજનની જાહેરાત થવાની સાથે પાટનગરમાં બ્યુટીફિકેશનના નવા કામો હાથ ધરવામાં આવે છે જો કે હાલ ચૂંટણીના પડઘમ વચ્ચે તંત્ર પણ યુધ્ધ ના ધોરણે કામ ની પતાવટ માં લાગ્યું છે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની નવી ઓળખ બનેલા મહાત્મા મંદિરની નજીક આવેલા ગોકુલપુરાથી લઈને ગાંધીનગરમાં પ્રવેશવાના એક દ્વારા સમાન ઉવારસદ સુધીના માર્ગ પર એલઈડી લાઈટ સાથેના નવા ૭૦ સ્ટ્રીટ લાઈટ પોલ નાખવાની તૈયારી પાટનગર યોજના વિભાગ દ્વારા કરી લેવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. પરિણામે આ માર્ગ પર રાત્રે છવાયેલા રહેતા અંધારા ઉલેચાઈ જવાના છે.

ગોકુલપુરાથી વાવોલ અને ત્યાંથી ઉવારસદ ગામ સુધીના મુખ્ય માર્ગ પર એલઈડી સ્ટ્રીટ લાઈટના ૭૦ પોલ લગાડવામાં આવશે. તેમાં ૧૨૦ વોટની ટ્યુબ્સ લગાવામાં આવશે માર્ગ આસપાસના વિસ્તારમાં વિશેષ પ્રમાણમાં રહેણાંક સોસાયટી ઓ ઉભી થઈ છે અને લાંબા સમયથી ત્યાં વસવાટ પણ હોવાથી ધમધમાટ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com